# વીકએન્ડ

કવર સ્ટોરી

feedback@
bombaysamachar.com
મુકેશ પંડ્યા

## પૂર્વ-પશ્ચિમની લડાઈએ મુંબઈને 'નવડાવ્યું'




આ શીર્ષક વાંચીને ગભરાઇ ન જતા. આ કોઇ ભારત જેવા પૂર્વીય દેશ કે અમેરિકા જેવા પશ્ચિમી દેશ વચ્ચેનું શસ્ત્રયુક્ત યુદ્ધ નથી. આ તો ડિસેમ્બર મહિનામાં ભારતની પશ્ચિમેથી આવતા ભેજયુક્ત પવનો અને પૂર્વમાં બંગાળના ઉપસાગર તરફથી આવતા સૂકા-ઠંડા પવન વચ્ચે થયેલા ગજગ્રાહને પરિણામે મુંબઇ-ગુજરાતમાં પડેલા કમોસમી વરસાદની વાત છે. સામાન્ય સંજોગોમાં ડિસેમ્બર મહિનાની શરૂઆતે તો મુંબઇગરા લગ્નમાં મહાલતા હોય છે. નવેમ્બરમાં તુલસી વિવાહ પછી અને ૧૫ ડિસેમ્બરે કમૂરતાં બેસી જાય એ પહેલાં ઘણા લગ્ન સમારંભો યોજાતા હોય છે, પરંતુ એક અને બે ડિસેમ્બરે વરસાદને કારણે ઘણાં લોકોના લગ્નનાં રંગમાં ભંગ પડ્યો અને સામાન્ય જનજીવન પણ કંઇક અંશે ખોરવાયું. છત્રી વિના બહાર નીકળેલા ઘણા લોકો ઊંઘતા ઝડપાયા અને તેમાં એમનો જ વાંક હતો. કારણ કે સેટેલાઇટ તેમ જ આધુનિક ટેક્નોલોજીથી સજ્જ હવામાન ખાતાઓએ તો આ અંગેની આગાહી કરી જ દીધી હતી. હવે મોટાભાગે આપણા હવામાનશાસ્ત્રીઓની આગાહી સાચી પડે છે તે ખૂબ સારી વાત છે.

કોલાબા, મુંબઇ વેધશાળાના નિષ્ણાત કુમારી સુષમા નાયરને મુંબઇમાં પધારેલા અણધાર્યા વરસાદ વિશે પૂછતાં તેમણે જે જણાવ્યું અને આ ઉપરાંત બીજું સંશોધન કરતા એટલું નિશ્ચિત થઇ ગયું કે ભારતની બે દિશાઓમાંથી આવતી પવનની લહેરોએ મુંબઇને પાણીથી નવડાવી દીધું.



સુષમા કહે છે કે મુંબઇમાં પડેલો વરસાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને આભારી છે.

હવે સહુ પ્રથમ તો આપણે આ શબ્દનો અર્થ સમજીએ.

ભારતમાં દિવાળી પછી શિયાળાની ઋતુમાં પશ્રિમ દિશાએથી મતલબ કે ચિત્રમાં બતાવ્યા મુજબ મેડિટેરેનિયન સમુદ્ર, કાસ્પિયન સમુદ્ર, ઇરાન, ઇરાક, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન થઇને ભારતમાં પ્રવેશે છે અને હિમાલયની પર્વતમાળાઓ સાથે ટકરાય છે. આ પવનો જ્યારે સમુદ્ર પર થઇને ભારત આવતા હોય છે ત્યારે દરિયાનો ભેજ ભરીને આવતા હોય છે. જેવા આ પવનો હિમાલય સાથે ટકરાય આ સંઘરી રાખેલો ભેજ બરફ અને જળવર્ષાના રૂપમાં જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબ જેવા રાજ્યોને ધમરોળે છે. આને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કહેવાય છે. શિયાળામાં આવી ઘટના લગભગ ચારથી પાંચ વાર બને છે. આ ઘટના ઉત્તરના ખેડૂતો માટે સારી છે કારણ કે તેમના રવી પાકને મદદરૂપ થાય છે. પંજાબમાં જે ઘંઉનો વિપુલ પાક થાય છે એ આવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પણ આભારી છે. હવે આ જ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ રૂપે આવતા પવનોની તીવ્રતા ખૂબ વધી જાય તો એ મહારાષ્ટ્ર અને ગુજરાત પરથી પણ પસાર થવા લાગે છે. બરાબર આ જ સમયે એટલે કે શિયાળામાં ભારતની પૂર્વેથી બંગાળના ઉપસાગર પર થઇને ભારતની દક્ષિણ તરફ પવનોની લહેરો આવતી હોય છે જેને ઇસ્ટર્લી (પૂર્વીય) લહેરો કહેવાય છે. સામાન્ય સંજેગોમાં આવી લહેરો ભારતના દક્ષિણના રાજ્યો તરફ જતી હોય છે અને ત્યાંના કેરળ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને તમિળનાડુ રાજ્યોમાં દિવાળી પછીના શિયાળામાં પણ વરસાદ વરસતો રહે છે. આને નોર્થ-ઇસ્ટ (ઇશાન્ય) ચોમાસું પણ કહેવાય. આમ આપણે જોયું કે ઉત્તરનાં રાજ્યોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને દક્ષિણના રાજ્યોમાં નોર્થ-ઇસ્ટ મોનસૂનને કારણે ડિસેમ્બરના શિયાળામાં પણ વરસાદ વરસતો રહે છે જ્યારે ભારતની મધ્યમાં એટલે કે મહારાષ્ટ્ર, ગુજરાત જેવાં રાજ્યોમાં શિયાળામાં વરસાદ પડતો નથી. પરંતુ આ વખતે એવું થયું કે વેસ્ટર્ન ડિસ્ર્બન્સની તીવ્રતા વધી અને તેના પવનો અરબી સમુદ્ર પરનો ભેજ લઇને રૂમઝૂમ કરતાં મુંબઇ અને ગુજરાતમાં પણ પધાર્યા. બીજી બાજુ આ જ સમયે બંગાળના ઉપસાગર પર થઇને ઇસ્ટર્લી પવનો પધાર્યા જે સામાન્યપણે દક્ષિણ ભારતમાં જતાં હોય છે. પરંતુ આ વખતે મહારાષ્ટ્ર-ગુજરાતમાં ઘૂસણખોરોની માફક પેલા વેસ્ટર્ન ડિસ્ર્બન્સ આવ્યાં. આમ પૂર્વ અને પશ્રિમમાંથી આવેલા આ બે પવનો ટકરાયા અને વેસ્ટર્ન ડિસ્ર્બન્સમાં રહેલો ભેજ વરસાદરૂપે મુંબઇ અને ગુજરાતને નવડાવી ગયો. સામાન્ય સંજોગોમાં મુંબઇમાં જૂનથી સપ્ટેમ્બર દરમ્યાન જે વરસાદ આવતો હોય એ તે સાઉથ વેસ્ટ (નૈરુત્ય દિશા) તરફથી આવતો હોય છે. પણ આ ડિસેમ્બરનો વરસાદ ઇશાન્ય પવનો સાથે ટકરાવાથી પડ્યો. આ પવનો સૂકા અને ઠંડા હોવાથી વરસાદની સાથે મુંબઇગરાઓએ ઠંડીની મજા પણ માણી. ઘડીભર તો મુંબઇગરાઓ વિચારતા થઇ ગયા કે ભજિયા ખાઇને ચોમાસું માણવું કે અડદિયા ખાઇને શિયાળો માણવો. રેઇન કોટ પહેરીને ફરવું કે સ્વેટર પહેરવું? એની વે, આવા કમોસમી વરસાદથી ઘણા નગરજનો એવું પણ વિચારતા હશે કે ગલોબલ વૉર્મિંગ કે માણસે ફેલાવેલા પ્રદૂષણને કારણે તો આ ઘટના નથી બનીને?

આ વિશે કુ. સુષમા નાયરને પૂછતાં તેમણે હાશકારો થાય એવો જવાબ આપ્યો હતો કે ના આમાં માણસની કોઇ અવળચંડાઇ નથી. આવી રીતે શિયાળામાં ક્યારેક વરસાદ મુંબઇને નવડાવે એ બિલકુલ નેચરલ ફિનોમીના (કુદરતી બનાવ છે) તેને પ્રદૂષણ કે ગ્લોબલ વૉર્મિંગ સાથે કોઇ સંબંધ નથી.■

ભાતભાતકે લોગ

feedback@ bombaysamachar.com
જ્વલંત નાયક

## સ્ટારી નાઈટ્સઃ આ ચિત્ર જોયા બાદ તમારા મનમાં કેવા ભાવ જાગે છે?





**ચિત્રોની** વાત આવે ત્યારે આ લખનારને એના પૂર્વાશ્રમનો એક કિસ્સો અચૂક યાદ આવતો રહે છે. એ સમયે હું આર્કિટેક્ટ્સ અને ઇન્ટિરિયર ડિઝાઈનર્સ માટે ગ્રાફિક વિઝ્યુઅલાઈઝર તરીકે કામ કરતો. એક વાર એક નવીસવી, છતાં કેટલાક મોડર્ન શબ્દો શીખીને પ્રેક્ટિસમાં ઉતરેલી ઇન્ટિરિયર ડિઝાઈનર બેબલી અને ક્લાયન્ટ વચ્ચેની મીટિંગના સાક્ષી થવાનું બન્યું. ક્લાયન્ટના બેડરૂમની ડિઝાઈન ઉપર ડિસ્કશન ચાલતું હતું. બેબીએ નેટ પરથી ડાઉનલોડ કરેલી એક ઈમેજ કોમ્પ્યુટર સ્ક્રીન પર બતાવીને ક્લાયન્ટને કહ્યું, આ તમારા બેડની સામે ગોઠવો. મસ્ત પિક છે, બેડરૂમમાં આવી પિક (ચિત્ર) હોય તો ઊંઘ સારી આવે! અંગ્રેજી ઉચ્ચારોમાં થયેલી રજૂઆતથી પીગળીને ક્લાયન્ટે તરત જ પોતાના બેડરૂમમાં મૂકવા માટે એ ચિત્રની પ્રિન્ટ કઢાવવાનો ઓર્ડર આપી દીધો. આ વાર્તાલાપ દરમિયાન હું વિચારતો હતો કે આ બન્નેમાંથી એક્કેયને ખબર નહિ હોય... 'સારી ઊંઘ લાવવા'ના આશય સાથે એ લોકો જે પિક, એટલે કે ચિત્રને બેડરૂમની શોભા બનાવવા જઈ રહ્યા છે, એની પાછળની કહાણી ઊંઘ ઉડાડી દે એવી છે!

એ ચિત્રનું નામ હતું 'સ્ટારી નાઈટ'. મહાન ચિત્રકાર વિન્સેન્ટ વાન ગોગને જ્યારે પાગલખાનામાં ભરતી કરવામાં આવ્યો, ત્યારે એણે ચિત્તભ્રમના લગાતાર હુમલાઓ વચ્ચે આ ચિત્ર દોરેલું! ઓવર ટુ વિન્સેન્ટ વાન ગોગ.

*** *** ***

૩૦ માર્ચ, ૧૮૫૩ને દિવસે નેધરલેન્ડના ગ્રૂટ ઝુન્ડર્ટ ગામે વિન્સેન્ટનો જન્મ. પિતા પાદરી અને ઘરની સ્થિતિ સાધારણ. વિન્સેન્ટના જન્મ પહેલા જ એનો એક મોટો ભાઈ ગુજરી ગયેલો. માતા આ આઘાત જીરવી ન શકી અને વિન્સેન્ટના જન્મ પછીય ડિપ્રેશનમાં જ રહી. એની સીધી અસર વિન્સેન્ટના ઉછેર પર પડી. વિન્સેન્ટનું બાળપણ એકલવાયું બની રહ્યું. એકલતા તમને ભાવનાત્મક રીતે અસંતુલિત બનાવી મૂકે છે, ખાસ કરીને તમે બાળક હોવ ત્યારે! જિંદગીના શરૂઆતના વર્ષોમાં જ એકલતા અને નકારાત્મક લાગણીઓથી ઘેરાઈ ગયેલા વિન્સેન્ટની સંવેદનશીલતા બહુ આળી થઇ ગઈ. આસપાસના વાતાવરણ સાથે ભાવનાત્મક રીતે જોડાઈ જવા સિવાય એની પાસે કોઈ વિકલ્પ જ નહોતો. એ ખેતરોમાં એકલો રખડ્યા કરતો. બાળક તરીકે એ કદાચ પોતાની આસપાસની ઘટનાઓ પ્રત્યે તીવ્ર સંવેદન અનુભવતો હશે. એક નોંધનીય બાબત એ હતી કે કુટુંબ તરફથી એને કળા વિશેના સારા સંસ્કારો મળ્યા હતા. આથી કુદરતી દૃશ્યો અને વ્યક્તિઓને એ જરા જુદી નજરે જોતા શીખ્યો. જો આવું ન થયું હોત તો એની એકલતા અને તીવ્ર લાગણીશીલતાએ એને બાળપણમાં જ તોડી નાખ્યો હોત. નસીબજોગે એક પછી એક એવા સ્થળોએ ફરવાનું બન્યું, જ્યાં વિન્સેન્ટની અંદર ઢબુરાયેલા કળા-સંસ્કારોને પોષણ મળ્યું.

વિન્સેન્ટના એક કાકા હેગ શહેરમાં આર્ટ ગેલેરી 'ગોપિલ' (અથવા ગૌપિલ) સાથે સંકળાયેલા હતા. ૧૮૬૯માં એમણે સોળ વર્ષના વિન્સેન્ટને કમાતો કરવાના હેતુસર પોતાની પાસે બોલાવી લીધો. કાકા સાથે ગેલેરીમાં ચારેક વર્ષ કામ કર્યા બાદ ગોપિલની લંડન ખાતેની શાખામાં પહોંચ્યો. આ વર્ષો દરમિયાન યુવાની અને સાહિત્ય, બન્ને સાથે લોહીમાં ઘૂંટાઈ રહ્યા હતા. વિન્સેન્ટે ફ્રેંચ, અંગ્રેજી, અમેરિકન ભાષાના લેખકોને વાંચી નાખ્યા. સાથે જ બાઈબલનું પણ અધ્યયન કર્યું. નવરાશના સમય દરમિયાન મ્યુઝિયમના આંટાફેરા માર્યા. વીસ વર્ષની ઉંમરે પહોંચ્યો ત્યાં સુધીમાં તો વિન્સેન્ટ પોતાના પિતા કરતા વધુ કમાણી કરતો થઇ ગયો! આ ચાર વર્ષો સુખનો સમય લઈને આવ્યા. કોઈ પણ યુવાન માટે આવી પરિસ્થિતિ ઇચ્છનીય છે. કમાણી વધે એમ સમાજમાં જ નહિ, પણ ઘર-પરિવારમાં પણ મોભો બનતો હોય છે. લોકો તમને ગંભીરતાથી લેવાનું શરૂ કરે છે. વિન્સેન્ટે જો જરા સરખો વ્યવહારુ અભિગમ દાખવ્યો હોત તો લાઈફ બરાબર સેટ થઇ જવાની અણી પર જ હતી. પણ...

તમારી અંદર રહેલી સર્જનાત્મકતા-સંવેદનશીલતાને આશીર્વાદ ગણવો કે અભિશાપ? સર્જનાત્મકતા ઘણીવાર તમને આળા બનાવી મૂકે છે. તમે જગતના સામાન્ય વ્યવહારોમાં જાતને ગોઠવવામાં નિષ્ફળ જાવ છો. કોઈક વાર તો સર્વસામાન્ય ઘટના પણ તમને અંદરથી લોહીલુહાણ કરી નાખે! વિશ્વમાં એવા કેટલા યુવાનો હશે જેને પ્રથમ પ્રેમમાં જ સફળતા મળી ગઈ હશે? સામાન્ય યુવાનો માટે પ્રથમ પ્રેમમાં મળેલી નિષ્ફળતા તરુણવય ત્યજીને પૌરુષ તરફ - મેચ્યોરિટી મેળવવા તરફ આગળ વધવાની ઘટના બની રહે છે. પણ વિન્સેન્ટના કિસ્સામાં સાવ ઊંધું બન્યું. એ પોતાની મકાન માલકણની દીકરીના પ્રેમમાં પડ્યો. કહેવાય છે કે પોતાના પ્રેમની ઉત્કટતા દર્શાવવા માટે એણે સળગતી મીણબત્તી પર હાથ ધરી દીધેલો! જાહેરમાં ભલે ગમે એવી ડાહી ડાહી વાતો થતી હોય, પણ કદરૂપી વ્યક્તિના પ્રેમમાં ભાગ્યે જ કોઈ પડે છે. આપણા વિન્સેન્ટભાઈનો દેખાવ પણ જરા દબાતો અને પેલી છોકરીનું મન ક્યાંક બીજે વસી ગયેલું, એમાં વાત બની નહિ. પહેલા હાથ બળ્યો, પછી હૃદય... એમ વિન્સેન્ટના ભાગે નકરો બળાપો જ વેઠવાનો આવ્યો. આ ઘટનાક્રમ બાદ સુખ સતત હાથતાળી આપતું રહ્યું. વિન્સેન્ટના 'પરાક્રમ' વિષે જાણ થતા જ મકાન માલકણે ઘરમાંથી કાઢી મૂક્યો, અને પછી વિન્સેન્ટ ક્યાંય સ્થાયી ન થઇ શક્યો!

ગૌપિલ નામક આર્ટ ગેલેરી સાથે એ સંકળાયેલો હતો. ગેલેરીની લંડન શાખાથી બદલી લઇ પેરિસ ગયો. પણ ત્યાંય વાંધાવચકા ઊભા થતા એને પાણીચું આપવામાં આવ્યું. કદાચ એ સમયે જો એ ચિત્રો દોરતો હોત, તો એની અંદર ભડકતી અશાંતિ અને અસંતોષ કેનવાસ પર રેલાઈને શાંત થઇ ગઈ હોત. તમારી અંદર કશુંક ચસોચસ ભરાઈ ગયું હોય, ત્યારે એ બહાર ઠલવાઈ જાય એ ખૂબ જરૂરી હોય છે. માનસશાસ્ત્ર આ ઘટનાને 'કેથાર્સિસ' તરીકે ઓળખે છે. કળાકારો એને 'અભિવ્યક્તિ' તરીકે ઓળખાવે છે.



વિન્સેન્ટ પાસે એ સમયે અભિવ્યક્ત થવાનો કોઈ રસ્તો નહોતો, પરિણામે એ અંદરને અંદર ગૂંગળાતો ગયો. દુનિયા સાથેના વહેવારમાં એની આ ગૂંગળામણ અને છટપટાહટ છલકાતા રહ્યા. પેરિસથી ઇંગ્લેન્ડ આવીને સ્કૂલમાં સામાન્ય નોકરી કરી. એય છોડીને ફરી એક વાર માતા-પિતા સાથે રહેવા આવી ગયો અને બુક શોપમાં ક્લાર્કની નોકરી કરવા માંડયો. બાઈબલ પ્રત્યેના આકર્ષણને કારણે ધાર્મિક શિક્ષણ લેવા ગયો, પણ એની પરીક્ષામાંય નાપાસ થયો. અશાંત મન ક્યાંય સ્થિર થવા નહોતું દેતું.

અશાંતિ જેમ વધતી ગઈ એમ એ ધર્મ તરફ ઢળતો ગયો. ખોરાક બહુ ઓછો થઇ ગયો અને માંસ ખાવાનું લગભગ બંધ કર્યું. નવરાશના સમયમાં એ બાઈબલના ફકરાઓનો અંગ્રેજી, ફ્રેંચ અને જર્મન ભાષાઓમાં અનુવાદ કર્યા કરતો. આ બધું જોઈને પરિવારને થયું કે જો વિન્સેન્ટ બીજી બધી જફા મૂકીને ધાર્મિક શિક્ષણ મેળવી લે, તો પાદરી તરીકેની સ્થાયી નોકરી મળી જાય. આવું વિચારીને પરિવારે એને કાકા પાસે આમ્સ્ટરડેમ મોકલી આપ્યો, જેથી ત્યાંની યુનિવર્સીટીમાં એ પદ્ધતિસરનું ધાર્મિક શિક્ષણ મેળવી શકે. માણસ ધાર્મિક થાય, એની પાછળ ઘણાં કારણો હોય છે. દરેક જણ કંઈ આધ્યાત્મ તરફ ખેંચાણ થવાથી સાધુ નથી બનતો! બલકે મોટા ભાગના લોકો તો સંસારથી ભાગી છૂટવા માટે આધ્યાત્મના માર્ગે વળી જાય છે. દુનિયાઓ દરેક ધર્મ આવા બાવાઓથી ઉભરાય છે. વિન્સેન્ટના અધ્યાત્મ તરફના ઝુકાવમાં પણ કદાચ દુનિયાદારી સામેની એની હતાશા અને નિષ્ફળતા જવાબદાર હતી. અને એટલે જ બાઈબલ અને ધર્મ પ્રત્યે લગાવ હોવા છતાં એ યુનિવર્સિટી ઓફ આમ્સ્ટરડેમની એન્ટ્રન્સ એક્ઝામમાં જ નાપાસ થયો! એ પાદરી બની શકે એમ નહોતો, પણ ધર્મ પ્રચાર કરનાર મિશનરી બનવાના સંજોગો હતા. ૧૮૭૯ના જાન્યુઆરીમાં બધું છોડીને બેલ્જિયમના બોરીંજે ખાતે પહોંચ્યો. બોરીંજેમાં ખાણમાં કામ કરતા મજૂરો વચ્ચે મિશનરી તરીકેની નોકરી લીધી.

અહીં વિન્સેન્ટના જીવનમાં એક પાત્ર અપ્રત્યક્ષ રીતે પ્રભાવક બને છે. એ પાત્ર એટલે એનો નાનો ભાઈ થીઓ. એ સમયે વિન્સેન્ટને સૌથી વધારે જો કોઈ સમજી શકતું હોય તો એનો આ નાનો ભાઈ થીઓ. થીઓ જાણતો હતો કે એના મોટા ભાઈમાં કળા અને સર્જનાત્મકતા કૂટીકૂટીને ભર્યા છે. એણે મોટા ભાઈને નવરાશના સમયમાં ચિત્રો દોરવાની સલાહ આપી. આ સલાહ માનીને વિન્સેન્ટે ખાણીયા મજૂરોના સ્કેચ બનાવવાનું શરૂ કર્યું. મિશનરી તરીકે કામ કરવાથી સામાન્ય, છતાં પ્રમાણમાં ઠીક ગણાય એવું રહેઠાણ અને પૂરતો ખોરાક મળે એમ હતું. પણ અંતરમાં ઉછાળા મારતી સંવેદનશીલતા જંપવા દે તો ને?! વિન્સેન્ટ તો બધી સગવડ છોડીને ખાણમાં કામ કરનારા મજૂરો વચ્ચે રહેવા માંડયો. અહીં એણે મજૂરોને ભોગવવી પડતી તમામ પ્રકારની હાડમારી વેઠી, તમામ દુઃખો સહન કર્યા. પોતાની આસપાસ વસતા મજૂરોની યાતનાઓને આ સંવેદનશીલ સર્જકે એટલી તીવ્રતાથી અનુભવ્યા કે એક તબક્કે એનું પોતાનું શરીર શારીરિક-માનસિક યાતનાઓ સહન કરી કરીને બેડોળ બની ગયું! દુઃખી મજૂરો રાત્રે અંધકારમાં જે કંઈ કાચું-પાકું ખાતા, એ જોઈને વિન્સેન્ટ એક ચિત્ર બનાવે છે, 'પોટેટો ઈટર્સ'. આ ચિત્ર પાછળથી ભલે વિન્સેન્ટ વાન ગોગના ડાર્ક માસ્ટરપીસ તરીકે આખા વિશ્વમાં પ્રસિદ્ધિ પામ્યું, પણ એ સમયે તો વિન્સેન્ટની નોકરી ગઈ! કારણકે ચર્ચ ઓથોરિટીને લાગ્યું કે મિશનરી તરીકેની નોકરી કરતો વિન્સેન્ટ આ રીતે મજૂરો વચ્ચે રહીને ભૂખે મરે, એમાં 'મિશનરી' તરીકેની ડિગ્નીટી જળવાતી નથી!

વિન્સેન્ટની વારંવારની નિષ્ફળતાઓ અને એની પાછળના વિચિત્ર કારણોને લીધે એના પિતાને લાગ્યું કે આ છોકરો કોઈ મોટી માનસિક સમસ્યાથી પીડાય છે, કદાચ એ પાગલ થઇ રહ્યો છે. પિતાએ એને સારવાર આપવાના હેતુસર પાગલખાનામાં દાખલ કરાવ્યો! દુન્યવી વ્યવહારુતા અભાવે એક તરફ વિન્સેન્ટ તૂટી રહ્યો હતો, બીજી તરફ એની અંદરનો ચિત્રકાર ફાટીને બહાર આવી રહ્યો હતો! આ દ્વંદ્વમાં આગળ શું થયું, એની વાત આવતા સપ્તાહે. ■

મસ્તરામની મસ્તી

feedback@ bombaysamachar.com
મિલન ત્રિવેદી

## 'હાલો, આપણે પણ સ્કૂલે જઈએ'



ગયા શનિવારે બાલમંદિરની સફર ખેડી. એમ થાય કે મોટા જ નથી થવું, પરંતુ અભ્યાસના દરેક તબક્કા માણ્યા છે તો વાગોળીએ.

એક અજ્ઞાત કવિની સરસ રચના હમણાં વાંચી અને ફરી ભાઈબંધુ યાદ આવ્યા.

*'દફતર લઈને દોડવું...!!*
*તૂટેલી ચપ્પલનું જોડવું...!!*
*નાસ્તાના ડબ્બાઓ...!!*
*શર્ટ પર સહીના ધબ્બાઓ...!!*
*ખોબે ખોબે પીવાતું પાણી...!!*
*રિસેસની વિશેષ ઉજાણી...!!*
*બેફામ રમાતા પકડદાવ...!!*
*ઘૂંટણે પડતા આછા ઘાવ...!!*
*બાંયોથી લુછાતા ચેહરા...!!*
*શેરીઓમાં અસંખ્ય ફેરા...!!*
*ઉતરાણની રાત જાગી...!!*
*પકડાયેલા પતંગની ભાગી...!!*
*ભાડાની સાઇકલના ફેરા...!!*
*મહોલ્લાના ઓટલા પર ડેરા...!!*
*મંજીની રેલમછેલ...!!*
*ગિલ્લીદંડાનો એ ખેલ...!!*
*ચાર ઠીકડી ને આટાપાટા...!!*
*લાઇટના થાંભલે ગામગપાટા...!!*
*વરસાદે ભરપૂર પલળવું...!!*
*ખુલ્લા પગે રખડવું...!!*
*બોરઆમલીના ચટાકા...!!*
*પીઠ પર માસ્તરના ફટાકા...!!*
*બિન્દાસ્ત ઊજવાતું વેકેશન...!!*
*ના ટ્યુશન ના ટેન્શન...!!*
*કેવા હતા આપણે બધા પાસે-પાસે?*
*જોને નીકળી ગયા સહુ જિંદગીના પ્રવાસે..!*
*માળો બનાવવામાં એવા મશગૂલ થઈ ગયા;*
*ઊડવા માટે પાંખ છે એ જ ભૂલી ગયા..!!'*

આટલું જેણે નથી માણ્યું તેનું જીવતર એળે ગયું કહેવાય. લખોટી ઉર્ફે ઠેરી, ભમરડા ઉર્ફે ગરિયા, ગિલ્લીદંડા ઉર્ફે મોઈ દાંડિયા, નવ નાગેલ, વરસાદની સીઝનમાં સાઇકલના આરાના છેડે પીંછા બાંધી હવામાં આરો ઉલાળી રમાતી રમત ખૂચણિયા, થપ્પો, પકડદાવ, ટીખળી રમત ડોક્ટર ડોક્ટર... બસ બસ હવે બહુ પન્નાં નથી ખોલવાં, સ્કૂલે જવાનું મોડું થાય છે.

આપણે તો પહેલાં સ્કૂલે જવાની દિલ દગડાઈને કારણે મા-બાપ ઢસડીને શાળાએ મૂકી જતાં, પણ બે-ચાર દિવસ પછી મિત્રોને કારણે ઊંધું થતું, સ્કૂલેથી ઢસડીને ઘરે લાવવા પડે એવું ગોઠી જતું. શાળાએ જવાની મસ્તી અલગ હતી. ફરજિયાત કશું જ ન હતું, પરંતુ ધમાલમસ્તી કરવા માટે થઈ નિયમિત શાળાએ જવા નીકળતા અને અધિકતમ સમય શાળાએ રહેવાનો પ્રયત્ન કરતા. અઠવાડિયે એક વાર જ્યારે લેસન ચેક કરવાનું હોય ત્યારે ચૂનિયાને અચૂક પેટમાં દુખવા ઊપડતું અને તે ઘરે આરામ કરતો. તે બેંચ પર બેઠો નથી તેનાથી વિશેષ બેંચ પર ઊભો છે. ફૂટપટ્ટી લીટી આંકવામાં નથી વપરાઈ એટલી વાંસામાં મારવા માટે વપરાતી. ભણતર તો હતું જ, પણ સાથે ગણતર પણ મળતું. મુશ્કેલીમાંથી રસ્તો કેમ કાઢવો તે બાળગોઠિયાઓ સાથે મળીને વિચારતા અને માસ્તરને ગોટે ચડાવતા. ત્યારના માસ્તરો બાળક સામેથી આવતું હોય કે તરત ઓળખી જતા કે તે શું પ્રવૃત્તિ કરીને આવ્યું છે. અત્યારના શિક્ષકો પોતાની સાઇકોલોજીમાં ગોથાં ખાય છે તો child psychology શું સમજી શકે?

સ્કૂલ શરૂ થઈ ગઈ છે, પરંતુ હજી કેટલાંક બાળકો સ્કૂલમાં પણ મોબાઈલ ખોલીને બેસે છે. ભલેને માસ્તર સામે ઊભો ઊભો બરાડા પાડે. ઘણાં બાળકોએ તો ફરિયાદ પણ કરી કે ગેમ રમવા દ્યો, અમને ગેમ રમતાં રમતાં ભણવાની આદત છે. ઘણા હરખપદૂડા પપ્પા મોબાઇલમાં બાળક ભણતું હોય ત્યારે કાંઈ કારણ વગર ટીચરને જોવા ડોકાં કાઢતા હતા. તેઓ શાળાએ જઈ અને રૂબરૂ ડોકાં કાઢી આવે છે.

ત્રીજો વેરિયન્ટ એમાઇક્રોન આવ્યો છે. બધાને નામ યાદ રહી જશે પછી બીક નહીં રહે. સંક્રમિત લોકોના આંકડા નહીં જોઈ શકાય, કારણ હજુ સરકારે ઘૂંઘટ હટાવ્યો નથી. ચૂંટણીઓ આવી છે અને કોરોના માત્ર ચૂંટણીથી જ બીએ છે એટલે કાં સંતાઈ જાય છે અથવા ભાગી જાય છે. ■

### વિચારવાયુ

**સ્ત્રીઓ ગજ્જબ ભોળી હોય છે.**
**ઘરમાં બે જ જણ હોઈએ**
**ને તોય એ પૂછેઃ**
**અહીં આ પાણી કોણે ઢોળ્યું?**